ગાંધીનગર સમાચાર

# મહાનગરોમાં ત્રાસવાદી હુમલાનો ખતરો

## પોલીસ ફોર્સને એલર્ટ રહેવાની સુચના અપાઈ : આતંકવાદીઓ દ્વારા સ્લીપર સેલ મારફતે રેકી કરવામાં આવી હોવાના હેવાલ

નવી દિલ્હી,તા. ૨૦

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં આગામી દિવસોમાં આતંકવાદી હુમલા થવાની ચેતવણી જારી કરવામાં આવી છે. અહેવાલમાં દાવો કરાયો છે કે, મુંબઈ અને દિલ્હીમાં આતંકવાદી હુમલાનો ભય રહેલો છે. જેથી સાવધાની જરૂરી છે. સર્વોચ્ચ તપાસ સંસ્થાએ દિલ્હી અને મુંબઈમાં પોલીસદળોને એલર્ટ રહેવાની સુચના આપી દીધી છે. અન્ય એજન્સીઓને પણ સાવધાન રહેવાનું કહેવાયું છે. આતંકવાદી હુમલાના ખતરાની સ્થિતિ વચ્ચે સાવચેતીના પગલા વિશેષ રીતે લેવામાં આવી રહ્યા છે. એનઆઈએ દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયને પત્ર લખીને પ્રવર્તમાન સ્થિતિ અંગે વાકેફ કર્યા છે. કોઈપણ સંસ્થા, ઈમારત અને સ્મારકો ઉપર હુમલા થઈ શકે છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહિદ્દીન, કમળ મંદિર, કુતુબ મિનાર, આનંદવિહાર અને અન્ય વિસ્તારોને ટાર્ગેટ બનાવી



શકે છે. આઈએમના ત્રાસવાદીઓ દ્વારા દિલ્હી અને મુંબઈમાં તેના સ્લીપર સેલ મારફતે પ્રાઈમ ટાર્ગેટની રેકી પણ કરી લીધી છે. આઈએમના ત્રાસવાદીની દિલ્હી પોલીસ દ્વારા હાલમાં જ ધરપકડ કરવામાં આવી હતી. આઈએમના ત્રાસવાદીઓ વિવિધ ભારતીય શહેરોમાં પણ હુમલાની યોજના ધરાવે છે. લોકસભાની ચુંટણી દરમિયાન ત્રાસવાદીઓની હુમલા કરવાની યોજના હતી પરંતુ ઈન્ટલીજન્સ સંસ્થાઓએ તમામ હુમલાની યોજનાને ટાળી દીધી હતી. તેના નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. આઈએમના ત્રાસવાદીઓ અલકાયદા સાથે પણ સંબંધ ધરાવે છે.


ભૂતકાળમાં આઈએમના ત્રાસવાદીઓ દિલ્હી, મુંબઈ, અમદાવાદ, હૈદરાબાદ અને અન્ય ભારતીય શહેરોને ટાર્ગેટ બનાવીને વ્યાપક નુકશાન પહોંચી ચુક્યા છે. મુંબઈના ઝવેરી બજારમાં પણ આ જ ત્રાસવાદીઓએ હુમલા કર્યા હતા.

### અચ્છે દિનના નામે લોકો સાથે વિશ્વાસઘાત

# ભાડામાં વધારાથી કોંગ્રેસ સહિતના પક્ષ ભારે નારાજ

નવી દિલ્હી, તા.૨૦

રેલવે યાત્રી ભાડામાં કમરતોડ વધારો ઝિંકી દેવામાં આવ્યા બાદ રાજકીયપક્ષોમાં નારાજગીનું મોજું ફરી વળ્યું છે. કોંગ્રેસ સહિતના રાજકીયપક્ષોએ યાત્રીભાડામાં વધારાના નિર્ણયની જોરદાર ઝાટકણી કાઢી છે અને આની નિંદા પણ કરી છે. કોંગ્રેસના નેતા સંજય નિરુપમે કહ્યું છે કે, અચ્છે દિન આનેવાલે હૈના નામે જનાદેશ મેળવનાર સરકારના આ પગલાની જોરદાર ઝાટકણી કાઢીએ છીએ. તેમણે કહ્યું હતું કે, ઓઈલ જેવી ચીજો ઉપર અંકુશ નથી જેથી તેના પર કંઈક પણ કરી શકાય નહીં પરંતુ રેલવે યાત્રી ભાડાને રોકી શકાય છે. સરકાર આપેલા વચનોનો ભંગ કરી રહી છે અને લોકો સાથે વિશ્વાસઘાત કરી રહી છે. સીપીએમના નેતા મોહમ્મદ સલીમે



સરકારના એવા તર્કને ફગાવી દીધા છે કે, આ નિર્ણય યુપીએ સરકારના ગાળામાં લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, નવી સરકાર આવ્યા બાદ નિતીઓમાં ફેરફાર થવા જોઈએ. જો કોઈ ખોટા નિર્ણય અગાઉની સરકારે કર્યા છે તો તેમાં સુધાર થવા જોઈએ. ઉલ્લેખનીય છે કે, મોદી સરકારે આજે રેલવે યાત્રી ભાડા અને નુરના દરમાં કમરતોડ વધારો ઝીંકી દીધો છે. રેલવે યાત્રી ભાડામાં ૧૪.૨ ટકાનો તમામ વર્ગમાં વધારો કરવામાં આવ્યો છે. જ્યારે નૂરના દરમાં ૬.૫ ટકા સુધીનો વધારો કર્યો છે.

### આજે મેસ્સી પર કરોડો ચાહકોની નજર રહેશે

# ઈરાનને કચડી નાંખવા માટે આર્જેન્ટિના ટીમ તૈયાર થઈ

રિયો ડી જિનેરિયો,તા. ૨૦

ફીફા વર્લ્ડ કપમાં આવતીકાલે શનિવારે પણ ત્રણ રોમાંચક મેચ રમાનાર છે.સૌથી રોમાંચક મેચ ઈરાન અને આર્જેન્ટિના વચ્ચે રમાય તેવી શક્યતા છે. એકબાજુ આર્જન્ટિનાની ટીમ તેની સતત બીજી જીત મેળવવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. જ્યારે ઈરાન અપસેટ સર્જવા માટે મેદાનમાં ઉતરશે. તમામ ફુટબોલ ાચાહકોની નજર આર્જેન્ટિનાના ફુટોબલ જાદુગર લિઓનેલ મેસ્સી પર રહેશે. મેસ્સીએ પ્રથમ મેચમાં પોતાની ટીમને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. જો કે આવતીકાલની મેચમાં ઈરાનની વ્યુહરચના મેસ્સીને રોકવાની રહેશે. આ યોજાના ઈરાને તૈયાર કરી લીધી છે. અન્ય મેચ સ્વીસ અને ફ્રાન્સ વચ્ચે રમાનાર છે. ફ્રાન્સની ટીમ છેલ્લા કેટલાક વર્ષોમાં ધારણા પ્રમાણે દેખાવ કરી શકી નથી. પરંતુ આવતીકાલની મેચમાં સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. ફ્રાન્સમાં પમ અનેક સ્ટાર ખેલાડી છે. જે પોતાની ટીમને જીત અપાવવા માટે ઉત્સુક છે. ત્રીજી મેચ હોન્ડુરાસ અને ક્વિાડોર વચ્ચે રામાનાર છે. આ મેચમાં પણ ચાહકો પહોંચે તેવી શક્યતા છે. બ્રાઝિલામાં હાલ જોરાદાર ક્રેઝ છે. રસપ્રદ બાબત એ છે કે બ્રાજિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું



હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી. બ્રાઝિલમાં હવે એક મહિના સુધી જોરદાર ફુટબોલ ફિવર રહેનાર છે. આવતીકાલની ત્રણેય મેચોને લઈને પણ તંત્ર દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

# સોશિયલ મીડિયા એકાઉન્ટોમાં અંગ્રેજીના ઉપયોગની રજુઆત

## જયલલિતાની વડાપ્રધાન મોદીને પત્ર લખીને હવે સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટમાં અંગ્રેજી ભાષાને મહત્વ આપવાની રજુઆત :અન્યો પણ વિરોધમાં

નવી દિલ્હી,તા. ૨૦

હિંદી ભાષાના મુદ્દે જોરદાર હોબાળો મચી ગયો છે. ઘણા



રાજ્યોના મુખ્યમંત્રી મેદાનમાં આવી ગયા છે. તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સત્તાવાર સોશિયલ મીડિયાના ખાતાઓમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ થાય તેની ખાતરી કરવાની અપીલ કરી છે. હિંદી ભાષાનો ઉપયોગ સોશિયલ મીડિયા ઉપર કરવા આદેશ આપવામાં આવ્યા બાદ હવે ઘણા રાજ્યો આનો વિરોધ કરી રહ્યા છે. જયલલિતાએ પત્ર લખીને વડાપ્રધાનને જાણ કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે હાલમાં જ સોશિયલ મીડિયાની ભાષા તરીકે હિંદીનો ઉપયોગ કરવા અધિકારીઓને આદેશ કર્યા હતા. જેને લઈને વિરોધનું મોજુ ફરી વળ્યું છે. સત્તાવાર ભાષા વિભાગ અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંકલન વિભાગે પત્ર જારી કરીને તમામને હિંદી ભાષાનો ઉપયોગ કરવા માટે કહ્યું હતું. ફેસબુક, ટ્વીટર, બ્લોગ, ગુગલ અને યુટ્યુબ જેવા સોશિયલ મીડિયા ઉપર સત્તાવાર એકાઉન્ટમાં ફરજીયાતપણે હિંદી ભાષાનો ઉપયોગ કરવા અથવા તો હિન્દી અને ઈંગ્લીશ બન્નેનો ઉપયોગ કરવા કહ્યું છે. આના કારણે જયલલિતાએ વડાપ્રધાનને પત્ર લખીને કેટલીક રજુઆત કરી છે. જયલલિતાનું કહેવું છે કે, આ પરિપત્રથી હિન્દી ભાષા ફરજીયાત બની ગઈ છે અને અંગ્રેજી એક વૈકલ્પિક ભાષા બની ગઈ છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી કરી છે કે, જે સુચના આપવામાં આવી છે તેમાં સાવધાનીપૂર્વક અને જરૂરી સુધારા કરવામાં આવે. અંગ્રેજી ભાષા સોશિયલ મીડિયા ઉપર રહે તે અતિજરૂરી છે.

## ઓરિસ્સા વિધાનસભામાં હિંદી પર પ્રતિબંધ ચિંતારૂપ

મુંબઈ, તા.૨૦

હિંદી ભાષાના મામલે ફરી એકવાર જોરદાર હોબાળો મચી ગયો છે.ભાજપના સાથી પક્ષ શિવસેનાએ પણ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા છેડવામાં આવેલા વિવાદમાં કુદી પડીને ઓરિસ્સા વિધાનસભામાં હિંદી ભાષા ઉપર લાદવામાં આવેલા પ્રતિબંધ સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. શિવસેનાનું કહેવું છે કે, ઓરિસ્સા વિધાનસભામાં હિંદી ભાષા ઉપર પ્રતિબંધ મુકવાના અહેવાલ ખૂબ જ આઘાતજનક છે. શિવસેનાના મુખપત્ર સામનામાં તંત્રી લેખમાં જણાવવામાં આવ્યું છે કે, ઓરિસ્સા વિધાનસભામાં અધ્યક્ષે સુચના આપી છે કે હિંદી ભાષાનો ઉપયોગ કરવામાં આવશે નહીં. ધારાસભ્યોને પણ હિંદી ભાષા નહીં બોલવાની સુચના અપાઈ છે. ઈંગ્લીશ ભાષાને ઓરિયા ભાષાની વૈકલ્પિક ભાષા તરીકે સ્વીકારી લેવાઈ છે પરંતુ હિંદી ભાષાને સ્વીકારવામાં આવી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હિંદી ભાષાને ગર્વ અપાવ્યું છે. મોદીએ હિંદીમાં જ ભૂતાન સંસદમાં સંબોધન કર્યું હતું. જ્યારે હિંદીને આવું મહત્વ અપાઈ રહ્યું છે ત્યારે ઓરિસ્સા વિધાનસભામાં પ્રતિબંધ મુકવાના અહેવાલ ખૂબ જ આઘાતજનક છે. જો નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે હિંદીને પ્રમોટ કરશે નહીં તો શું થશે તે આશ્ચર્યજનક બાબત છે. અંગ્રેજી વૈશ્વિક ભાષા છે પરંતુ અંગ્રેજી ભાષાને રાષ્ટ્રીય ભાષા હિંદી બાદ બીજા નંબરનું મહત્વ મળવું જોઈએ. સોશિયલ મીડિયા ઉપર હિંદી ભાષાના મહત્વને રજૂ કરવાની બાબત બિલકુલ યોગ્ય છે.

# ત્રણ રાજ્યોના મુખ્યપ્રધાનને બદલી દેવા કોંગ્રેસની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૦

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ હવે કોંગ્રેસ પાર્ટી કેટલાક ફેરફાર કરવાની યોજના ધરાવે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કોંગ્રેસ ત્રણ રાજ્યોના મુખ્યપ્રધાનોને બદલી દેવાની યોજના ધરાવે છે. લોકસભાની ચૂંટણીમાં હાર થયા બાદ પક્ષના કાર્યકરો અને નેતાઓમાં નવા પ્રાણ ફુંકવાની રણનિતીના ભાગરૂપે આ ફેરફાર કરવામાં આવનાર છે. મહારાષ્ટ્ર, આસામ અને હરિયાણામાં મુખ્યપ્રધાનોને બદલી દેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. મિડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણને દુર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. આગામી બે ત્રણ દિવસમાં અંતિમ નિર્ણય કરાય તેવી શક્યતા છે. પૂર્વ કેન્દ્રિય ગૃહ પ્રધાન સુશીલ કુમાર શિન્દે મહારાષ્ટ્રાના આગામી મુખ્યપ્રધાન બને તેવી શક્યતા દેખાઈ રહી છે. કોંગ્રેસને તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં દેશભરમાં કારમી હાર થઈ હતી. પરંતુ હરિયાણા અને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનોને પાર્ટીની અંદર રહેલા સભ્યોની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. જેથી હવે પાર્ટી ગંભીર બનીને પગલા લેવાની તૈયારીમાં છે. ચવ્હાણના નામે નારાજગી છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી. મહારાષ્ટ્રમાં કોંગ્રેસના સાથી પક્ષ એનસીપી દ્વારા પણ ચવ્હાણને લઈને નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. એનસીપી દ્વારા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે ચવ્હાણના નેતૃત્વમાં ગંઠબંધનને આગળ વધારવાની બાબત મુશ્કેલરૂપ છે. જેથી કોંગ્રેસ દ્વારા હવે ચવ્હાણને બદલે શિન્દેને મુખ્યપ્રધાન બનાવવા માંગે છે. જો કે શિન્દે પોતે આ જવાબદજારી લેવા માટે તૈયાર નથી. આસામના મુખ્યપ્રધાન તરૂણ ગોગોઈની પણ આવી જ હાલત છે.

# ઈન્ડી ગો સૌથી સસ્તી ૧૦ એરલાઈન્સમાં સામેલ છે

નવી દિલ્હી,તા. ૨૦

વિશ્વની સૌથી સસ્તી એરલાઈન્સમાં મલેશિયાની ફાયરફલાય પ્રથમ ક્રમાંક પર છે. વિશ્વમાં સૌથી સસ્તી એરલાઈન્સની વાત કરવામાં આવે તો આ યાદીમાં ભારતની બે લો કોસ્ટ એરલાઈન્સ સામેલ છે.

ભારત તરફથી લોકપ્રિય લો બજેટ એરલાઈન્સ સ્પાઈસ જેટ અને ઈન્ડિગો આ યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે. જુદી જુદી બાબતોને ધ્યાનમાં લઈને સૌથી સસ્તી એરલાઈન્સની યાદી તૈયાર કરવામાં આવી છે. વિશ્વભરમાં સક્રિય અને ઓપરેશનમાં રહેલી લો કોસ્ટ બજેટ એરલાઈન્સની એક બાજુની ટિકિટના ખર્ચ અને અન્ય યાત્રીને થતા ખર્ચને આવરી લેવામાં આવ્યા હતા. વિચ એરલાઈન ડોટ કોમના અહેવાલમાં દાવો કરાવામાં આવ્યોછે કે એશિયામાં લો કોસ્ટ એરલાઈન્સ વધારે છે. ચેકડ બગેજ ફી સહિત ખુબ ઓછા દરે અથવા તો ૩૦ યુરો જ ઓફર કરનાર ફાયર ફલાય પ્રથમ નંબરની એરલાઈન્સ છે.સ્પાઈસ જેટ ભારતની એરલાઈન્સ છે. જે ટોપ ટેનમાં સામેલ છે. ફાયરફલાય બાદ બીજા ક્રમે સ્પાઈસ જેટ છે. સ્પાઈસ જેટમાં સરેરાશ એકબાજુનુ ભાડુ ૫૨ યુરોની આસપાસ છે. લોકપ્રિય લો બજેટ એરલાઈન મલેશિયાના એર એશિયા યાદીમાં ચોથા સ્થાને છે.

### સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

આવા આશય વિનાના અન્ય પ્રકારે કે અર્થે કરતાં શારીરિક કષ્ટદાયક કાર્યોને તપ નથી કહેવાતા. પરંતુ હવે ના સમયમાં તપસ્વીની વ્યાખ્યા પણ બાબત જોઇએ. વિનોભાજી જન-સેવકોને સાચા તપસ્વી ગણે છે. આપણા સમયમાં પૂ. રવિશંકર - મહારાજ આ અર્થમાં સાચા તપસ્વી હતા. સમાજના નિમ્ન-સ્તરના લોકો માટે જે પોતાનું સમગ્ર જીવન ઘસી નાખે - તેને પરમાત્મા સામે આવી તેડી જાય. કરાંચીના એક મુસ્લિમ ગૃહસ્થ પોતાના લગ્નની પ્રથમ રાત્રે જ હોસ્પિટલમાં દર્દીની સેવા માટે ગયા ને આખી રાત ત્યાં વીતાવી. વ્રતો કરવા, જપ કરવા મંદિરે જવું ઇત્યાદિ કાર્યો ભલે થાય. સાથે જનહિત જનસેવાનું કાર્ય સતત થાય તો તપની વૃદ્ધિ થાય. આખરી પાસું ધાર્મિકતા સાથે જોડાયેલું છે. ધર્મ તો સનાનત તત્વ છે. પણ ધાર્મિકતાના વિભિન્ન અર્થો ધરાવે છે. ધાર્મિકતા બાહ્ય નથી એ અતિ શૂક્ષ્મ બાબત છે. કટુ વચન બોલી કે વારંવાર આ તુચ્છ દેહનો ઉલ્લેખ તીરસ્કારમાં કરનાર સાચો ધાર્મિક નથી. ગુરૂ ગાદી પર બેઠેલાથી તો કોઇની પણ નિંદા ન જ થાય. શારીરિક ઇજાની વાત તો દૂર રહી ધાર્મિક માણસ તો કોઇને આઘાત થાય તેવા વેણ પણ ન ઉચ્ચારે. વ્યક્તિનું અપમાન કરવું, તેના મનને તોડવું તે વધારે હિંસક બાબત છે. શ્રુતિ તથા મહાભારતમાં પણ સ્પષ્ટ જણાવ્યું છે કે ધાર્મિક માણસ શાંત તથા સ્વસ્થ હોય પણ સાથે જો અસહાય લોકો પર થતાં અત્યાચારો મૂંગે મોઢે જોઇ રહે તો તેની ધાર્મિકતા દંભ માત્ર છે. જયાં જયાં અન્યાય દેખાય - સત્તાના જોરે શોષણ વર્તાય ત્યાં ત્યાં ધાર્મિક ગણાતા લોકોએ પડકાર ઝીલવો જ જોઇએ.

# ૨૧000 કરોડના ૭ મોટા પ્રોજેક્ટોને બહાલી

## નરેન્દ્ર મોદી સરકારે ઝડપી કાર્યવાહી કરી

નવી દિલ્હી, તા.૨૦

નરેન્દ્ર મોદી સરકારે ૨૧ હજાર કરોડની કિંમતના મોટા મૂડીરોકાણના પ્રોજેક્ટોને લીલીઝંડી આપી દીધી છે. આ પૈકીના કેટલાક પ્રોજેક્ટો છેલ્લા ઘણા સમયથી અટવાયેલા હતા. પર્યાવરણના મુદ્દાઓથી લઈને નાણાકીય સમસ્યાઓના લીધે દશકોથી પ્રોજેક્ટો અટવાયેલા હતા. હવે અતિઝડપથી પ્રોજેક્ટોને મંજુરી આપવામાં આવી છે. જે સૌથી મોટા પ્રોજેક્ટોને મંજુરી આપવામાં આવી છે તેમાં કેટલાક ખૂબ મહત્વપૂર્ણ છે. છત્તીસગઢના રાવઘાટ વિસ્તારમાં આર્યનઓર ખજાનાના સંદર્ભમાં પણ પ્રોજેક્ટને મંજુરી અપાઈ છે. ૧૧૦૫ કરોડની રેલવે લાઈન માટેના પ્રોજેક્ટને પણ મંજુરી અપાઈ છે. વન્ય અને પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. સિક્કીમમાં હાઈડ્રો ઈલેક્ટ્રીસીટી પ્રોજેક્ટ આડે અડચણો હતી પરંતુ આને પણ હવે દૂર કરવામાં આવી છે. કર્ણાટકમાં ૧૨૦ કિલોમીટર લાંબા સિક્સલેન હાઈવેની હિલચાલ શરૂ કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદી સરકારે સત્તા સંભાળ્યા બાદથી અતિઝડપથી પ્રોજેક્ટોને મંજુરી આપવાની દિશામાં ધ્યાન કેન્દ્રીત કર્યું છે. દશકોથી અટવાઈ પડેલી યોજનાઓને મંજુરી આપવામાં આવી રહી છે. વિલંબમાં રહેલા પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવાને સર્વોચ્ચ પ્રાથમિક્તા અપાઈ રહી છે. સાત પ્રોજેક્ટો જે ૨૧૦૦૦ કરોડની કિંમતના છે તેમને મંજુરી અપાઈ છે.

સંબંધિત વિભાગોને ઝડપથી કામ કરવા માટે મોદી સરકાર સુચના આપી ચુકી છે. જે સાત મોટા પ્રોજેક્ટોને મંજુરી મળી છે તેમાં હોસ્પેટ ચિત્રદુર્ગ હાઈવેનો સમાવેશ થાય છે. આને વન્ય વિભાગની મંજુરી અપાઈ છે. હોસ્ટપેટ ચિત્રદુર્ગ હાઈવે પ્રોજેક્ટ ૧૦૩૪ કરોડનો છે. આ ઉપરાંત કેવીકે નિશ્ચલ પાવર ૫૫૯૦ કરોડનો છે આમાં નાણાકીય તકલીફ હતી. આરકેએમ પાવરગ્રીન પ્રોજેક્ટ આડે ગેરેન્ટી અને નાણાંની તકલીફ હતી. આ તમામ તકલીફો હવે દૂર કરી લેવાઈ છે.

## રાજ્યપાલના જટિલ મુદ્દે કોંગીની નાયડુ દ્વારા ટિકા

બેંગલોર, તા. ૨૦

શહેરી વિકાસ અને સંસદીય બાબતોના પ્રધાન વૈંકેયા નાયડુએ આજે સાત રાજ્યોના રાજ્યપાલોને લઈને ચાલી રહેલી ખેંચતાણને મુદ્દે ભાજપ ઉપર આક્ષેપો કરવા બદલ કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢી હતી.

નાયડુએ કહ્યું હતું કે, રાજકીય નિમણુંકોએ સ્વેચ્છીક રીતે રાજીનામા આપી દેવા જોઈએ. ગૃહસચિવ દ્વારા સાત રાજ્યોના રાજ્યપાલોને રાજીનામું આપી દેવા માટે કહેવામાં આવ્યું છે. નાયડુએ કહ્યું હતું કે, રાજ્યપાલોના મુદ્દે એનડીએ દ્વારા કોઈપણ રાજકીય રમત રમવામાં આવી રહી નથી. અમે કોઈપણ સંસ્થાને ટાર્ગેટ બનાવી રહ્યા નથી. આ એક વ્યવસ્થાનો ભાગ છે. લોકશાહીનો હિસ્સો છે. તમામ રાજકીય નિમણૂંકોએ સ્વેચ્છીક રીતે રાજીનામું આપી દેવા જોઈએ.

# લોકોને એટીએમથી ૫૦ રૂપિયાની નોટ મળી શકશે

રાયપુર,તા. ૨૦

સામાન્ય લોકોને હવે જરૂર પડે તો એટીએમમાંથી ૫૦ રૂપિયાની નોટ કાઢવાના પણ વિકલ્પ રહેશે. હવે જરૂર પડે તો પણ ગ્રાહકોને ફરજિયાત પણે મોટી નોટ નોટ કાઢવાની જરૂર પડશે નહી. સાથે સાથે બેંક હવે લોકોને સિક્કા આપવાથી ઈન્કાર કરી શકશે નહી. જુદી જુદી બેંકોના એટીએમમાં માત્ર ૫૦૦ની નોટ હોવાના કારણે ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જરૂર ન હોવાની સ્થિતીમાં પણ લોકોને મોટી નોટ જ કાઢવી પડે છે. તેમને જરૂર કરતા વધારે નાણાં કાઢી લેવાની જરૂર પડે છે. ભારતીય રિઝર્વ બેંકે આ તમામ તકલીફને ઓછી કરવા માટે ખાસ યોજના તૈયાર કરી છે. રીઝર્વ બેંકે હવે તમામ બેંકોને કેટલીક સુચના આપી છે. જેના ભાગરૂપે બેંકોને હવે બે પ્રકારની નોટ રાખવાની સુચના આપવામાં આવી છે. આરબીઆઈએ આદેશ કર્યો છે કે જો એટીએમમાં ૫૦૦ રૂપિયાની નોટ મુકવામાં આવી છે તો તેમાં ૧૦૦ રૂપિયાની નોટ હોવી જરૂરી છે. આવી જ રીતે જો ૧૦૦ રૂપિયાની નોટ છે તો ૫૦ રૂપિયાની નોટ હોવી જોઈએ. આરબીઆઈના આ આદેશ બાદ કેટલીક બેંકો દ્વારા એટીએમમાં ૫૦ રૂપિયાની નોટ નાંખવાની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. બેંકિંગ અધિકારીઓએ કહ્યું છે કે લોકોની સુવિધાને ધ્યાનમાં લઈને આ સેવા શરૂ કરવામાં આવી છે. આ અગાઉ ઓગષ્ટ ૨૦૧૩માં આરબીઆઈના નિર્દેશ બાદ કેટલાક પગલા લેવામાં આવ્યા હતા. એ વખતે આરબીઆઈએ બેંકોને ૧૦૦, ૫૦૦ની નોટની સાથે સાથે ૧૦.૨૦. ૫૦ના નોટ નાંખવાની સુચના આપી હતી. જો કે આ આદેશને બેંકો અમલી બનાવી શકી ન હતી. એસબીઆઈના અધિકારીઓએ કહ્યું છે કે લોકોની સુવિધા માટે હવે હવે એટીએમમાં ૫૦ રૂપિયાની નોટ પણ રહેશે. આરબીઆઈના આદેશ બાદ બેંકો હવે લોકોને સિક્કા આપવાથી ઈન્કાર કરી શકશે નહી. લોકોની કેટલીક ફરિયાદ ઉઠી રહી હતી જેથી તમામ સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. લોકોની ફરિયાદને દુર કરવા માટે બેંકો વધારે સક્રિય થઈ છે.

# સમાચાર ઝલક

- બાળકોને ટેલેન્ટ શોમાં મોકલતાં પૂર્વ સરકારી મંજુરી જરૂરી.
- હવે ગંગા નદીની જેમ દર બીજે સાબરમતીની પણ સાંધ્ય આરતી થશે. રથયાત્રા દિને પ્રારંભ.
- સૌરાષ્ટ્રના માર્કેટયાર્ડમાં મગફળીના ભાવમાં ભડાકો.
- સ્વીસ બેંકમાં ભારતીય નાણું ૧૪ હજાર કરોડ પર પહોંચ્યું.
- ૧લી જુલાઈથી માલવાહક વાહનો પર ફરજીયાત રિફ્લેક્ટર્સ લગાવવાનો આદેશ.
- લુ લાગવાથી પાકિસ્તાનમાં ૩ દિવસમાં ૫૩નાં મોત.
- મોબાઈલ પર વાત કરવામાં મશગુલ બીલીમોરામાં યુવતી ટ્રેનની અડફેટે ચઢી - ગંભીર ઈજા.
- નીતા અંબાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રથમ મહિલા નિર્દેશક નિમાયા.
- ઈરાકમાં ત્રાસવાદી સંગઠન ૧૪૦૦૦ કરોડની સંપત્તિ ધરાવે છે.
- કેન્દ્રની તાકીદ છતાં પુરવઠાતંત્ર સંગ્રહખોરો, કાળા બજારીયાઓ સામે ઉંઘે છે.
- સોનાની દાણચોરીમાં નવતર પ્રયોગ, સાબુના ગોટામાંથી ૬ કિલો સોનું.
- જયપુરમાં જૈન સમાજના બે જુથો વચ્ચે જુની મુર્તિઓના વિવાદમાં અથડામણ સર્જાઈ.
- દુધના ભાવ નિયંત્રીત કરવા સરકારની કવાયત શરૂ : રાહત પાછી ખેંચવા વિચારણા.
- વિદેશ ભણવા જતા ૬૦ ટકા ગુજરાતી વિદ્યાર્થીઓ લોન લે છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ પર વિદેશી ફંડ પર કેન્દ્રનો પ્રતિબંધ.
- તીર્થભૂમિ પાલીતાણામાં અહિંસા રોકવા તા. ૨૨મીથી અનશન આંદોલન.
- મહિલા પાઈલોટ ઉપર પ્રવાસીઓનો ઓછો વિશ્વાસ રહે છે.
- માંડળી તાલુકા (દ. ગુજરાત)ના વરેલી ગામે અત્યાર સુધી ૧૧ દીપડાઓ પકડાયા છે. હજુય ચાર દીપડા ફરે છે.
- ૭૨ કલાકમાં મધ્યમ વરસાદની આગાહી કરતું હવામાનખાતું.